# આણંદ એજ્યુકેશન કોલેજ દ્વારા વૃધ્ધાશ્રમની મુલાકાત



**આણંદ, તા. ૨૬**

શ્રી રામકૃષ્ણ સેવા મંડળ સંચાલિત આણંદ એજ્યુકેશન કોલેજ, આણંદ દ્વારા આણંદ ધામ (વૃધ્ધાશ્રમ), લાંભવેલની મુલાકાત તાજેતરમાં યોજવામાં આવી હતી.

જેમાં ઈન્ચાર્જ અધ્યાપક તરીકે ડૉ. એસ.બી.ખેરે અને ડૉ. એ.ડી.વાઘેલા સાથે સેમ-૪નો ૩૯ બહેનો જોડાઈ હતી.

વૃધ્ધાશ્રમના વૃદ્ધો સાથે તાલીમાર્થી બહેનોએ ખૂબ જ આત્મીયતાપૂર્વકની વાતચીત કરી તેમની સાથે પ્રાર્થના કાર્યક્રમ કરવામાં આવ્યો હતો તેમના વિચારો પણ જાણવામાં આવ્યા સાથે સાથે પ્રશિક્ષણાર્થી બહેનોને હૃદયપૂર્વકના આશીર્વાદ પણ વૃધ્ધો તરફથી મળ્યા હતાં. આ મુલાકાતથી પ્રશિક્ષણાર્થી બહેનોને માતા-પિતાનું જીવનમા મહત્વ, સંતાનોના કર્તવ્ય, જીવનમાં કુટુંબનું મહત્ત્વ, સેવાનું મહત્વ વગેરે બાબતો વિશે પ્રત્યક્ષ જ્ઞાન મળ્યું હતું.

સમગ્ર કાર્યક્રમનું આયોજન સંસ્થાના આચાર્ય ડૉ. ધીરજ આર.પરમારના માર્ગદર્શન હેઠળ ડૉ. એસ.બી.ખેરે અને ડૉ. એ.ડી.વાઘેલાએ કર્યુ હતું.

Sardar Gurjari 27/4/2023